# અંબાજી, ડાકોર, સોમનાથ અને દ્વારકા મંદિરો સંપૂર્ણ 'બંધ'

## ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠકમાં અનેક મહત્વપૂર્ણ નિર્ણય લેવાયા : વિવિધ સંવર્ગોમાં ભરતી પરીક્ષા ૧૪ એપ્રિલ સુધી મોકૂફ : ગુજકેટની પરીક્ષા મુલતવી





ગાંધીનગર,તા.૧૮

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં વિશ્વભરમાં ફેલાયેલા કોરોના વાયરસની વર્તમાન પરિસ્થિતીમાં ગુજરાતમાં સાવચેતી અને તકેદારીના આગોતરા પગલાં સાથે કેટલાંક અતિ મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ પ્રવર્તમાન પરિસ્થિતીમાં રાજ્યના પાંચ મુખ્ય યાત્રાધામો આવતીકાલ તા.૨૦ માર્ચ-૨૦૨૦થી દર્શનાર્થીઓ માટે સંપૂર્ણ બંધ કરવાનો નિર્ણય કર્યો છે. આ યાત્રાધામોમાં અંબાજી, દ્વારકા, સોમનાથ, ડાકોર અને પાવાગઢના મંદિરોમાં માત્ર નિયમીત થતી સેવા-પૂજા ચાલુ રાખવામાં આવશે પરંતુ દર્શનાર્થીઓ માટે આ મંદિરોમાં દર્શન સંપૂર્ણ બંધ રહેશે. મુખ્ય સચિવ શ્રી ડૉ. અનિલ મૂકીમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન, અગ્ર સચિવ શ્રી એમ. કે. દાસ તેમજ સામાન્ય વહીવટ વિભાગના અગ્ર સચિવ શ્રી કમલ દયાની અને મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિની કુમારની ઉપસ્થિતીમાં યોજાયેલી આ બેઠકમાં લેવાયેલા અન્ય મહત્વના નિર્ણયો અનુસાર રાજ્ય સરકારની સેવાઓમાં વિવિધ સંવર્ગમાં ભરતી માટેની તમામ સ્પર્ધાત્મક પરિક્ષાઓ જે તા. ૩૧ માર્ચ-૨૦૨૦ સુધીમાં લેવાનારી હતી તે બધી જ પરિક્ષાઓ મોકૂફ રાખવામાં આવી છે.

આ પરિક્ષાઓ આગામી તા. ૧૪ મી એપ્રિલ-૨૦૨૦ પછી લેવામાં આવશે. ગુજકેટની જે પરિક્ષાઓ તા.૩૦મી માર્ચે-૨૦૨૦ લેવાનું જાહેર કરવામાં આવેલું તે પરિક્ષાઓ પણ મોકૂફ રાખવામાં આવી છે અને તે પરિક્ષા તા.૧૪ એપ્રિલ-૨૦૨૦ પછી લેવામાં આવશે.

ગુજરાતમાં કોરોના વાયરસનો ફેલાવો કે વ્યાપ અન્ય રાજ્યોમાંથી આવતા વ્યકિત-મુસાફરો મારફત ન ફેલાય તેની કાળજી રાખીને રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમની મહારાષ્ટ્ર તરફ જતી બસ સેવાઓ બંધ કરવામાં આવી છે. અન્ય રાજ્યોમાંથી આવતી ખાનગી પેસેન્જર ટ્રાન્સપોર્ટ બસ સેવાઓના પેસેન્જરોનું રાજ્યની ૧૬ ચેકપોસ્ટ પર સ્કીનીંગ કરવામાં આવશે તેવો મહત્વનો નિર્ણય પણ બેઠકમાં લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે ગુજરાતમાં આગોતરા આરોગ્ય તકેદારીના પગલાંઓને પરિણામે કોરોના વાયરસને ફેલાતો અટકાવવામાં સફળતા મળી છે પરંતુ હજી જનસહયોગથી વધુ ચોકસાઇ રાખીને ગુજરાતમાં કોરોના વાયરસનો





પગપેસારો ન થાય તેની પુરતી કાળજી રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગ રાખી રહ્યા છે.

કોરોના વાયરસની ઈફેકટના કારણે તા.૨૧ થી ૨૯ માર્ચ સુધી સુપ્રસિધ્ધ શામળાજીમાં દર્શન બંધ કરવામાં આવ્યા છે. જેથી ભકતો તા.૨૯ તારીખ સુધી શામળિયાના દર્શન નહી કરી શકે.

ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસનું સંક્રમણ ના ફેલાય તે હેતુથી આરોગ્યવિષયક સલામતીના ભાગરૂપે મંદિરમાં શામળિયાના દર્શન બંધ કરાવવામાં આવ્યા છે. તો, કોરોના વાયરસની અસરોને જોતાં સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવના મંદિરે આગામી તા.૨૧, ૨૨ અને ૨૫ તારીખના મહત્વના કાર્યક્રમ રદ કરવામાં આવ્યા છે. ટ્રસ્ટના અધ્યક્ષ કેશુભાઈ પટેલ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે અને આરતી સમયે યાત્રિકોને ઉભા નહી રહેવા સૂચના આપવામાં આવી છે. તેમજ આરતીમાં કપુર, ગુગળ જેવા રોગપ્રતિકારક પદાર્થનો ઉપયોગ કરવાની સૂચના પણ આપવામાં આવી છે અને યાત્રિકોને સોશિયલ મીડિયા દ્વારા ઓનલાઈન દર્શન કરવા ખાસ અનુરોધ કરાયો છે કે જેથી મંદિર પરિસરમાં લોકોની ભારે ભીડ ના થાય અને આ વાયરસનું સંક્રમણ ફેલાય નહી. તેથી અગમચેતી અને સલામતીના ભાગરૂપે સોમનાથ મંદિરમાં પણ આ નિર્ણય લેવાયો છે. ડાકોરમાં પણ મંદિરના દર્શનમાં ફેરફાર કરાયો છે.

તો સવારની રણછોડરાયજીની મંગળા આરતી એક કલાક મોડી એટલે કે, ૭-૪૫ વાગ્યે થશે. એ પછી સવારે ૧૧-૦૦ વાગ્યે મંદિર બંધ થઈ જશે અને પછી ત્રણ વાગ્યે ખૂલશે. બીજીબાજુ, ૨૦૦ વર્ષમાં પ્રથમવાર સાયલામાં આવેલ જગપ્રસિદ્ધ લાલજી મહારાજના મંદિરને કોરોના વાયરસની અસરના કારણે બંધ કરવામા આવ્યું છે અને મંદિરના મહંત દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. સાથે જ મંદિરમાં ચાલતા ભોજનાલયને પણ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સરકારના આદેશને માન આપીને આગામી તા.૩૧ માર્ચ સુધી મંદિરને બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને ઉલ્લેખનીય છે કે ૨૦૦ વર્ષ જૂનું આ મંદિર પહેલીવાર બંધ કરવામાં આવ્યું છે. આ જ પ્રકારે બાયડમાં આવેલ દીપેશ્વરી ધામ કોરોનાના કહેરના કારણે તા.૨૯ માર્ચ સુધી બંધ રહેશે. સાથે જ મંદિરની ધર્મશાળા અને ભોજનાલયને પણ બંધ રાખવામાં આવશે. ઉપરાંત, બહારથી આવતા દર્શનાર્થીઓ પર અને પગપાળા આવતા સંઘો ઉપર પણ મંદિર પ્રશાસન દ્વારા પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ઉપરાંત મંદિર પરિસરની આસપાસ પાંચ વ્યક્તિથી વધું લોકોને ભેગા થવા ઉપર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ભાવનગરના બગદાણા મંદિરમાં ભોજન શાળા પણ તા.૩૧ માર્ચ સુધી બંધ રહેશે. કોરોના વાયરસને લઈને ભોજનશાળા અને ધર્મશાળા બંધ કરવામાં આવી છે. બગદાણામાં અત્યાર સુધીમાં પ્રથમવાર ભોજનશાળા બંધ રહેશે.

# રાજ્યમાં સ્થાનિક સ્વરાજની પેટાચૂંટણી હાલ મોકૂફ કરાઈ

## ૧૩ તાલુકા પંચાયતોની ૧૭ બેઠક અને ૧૩ નપાની ૨૯ બેઠકોની પેટાચૂંટણી મોકૂફ થઇ :યુનિવર્સિટી પરીક્ષા મોકૂફ

ગાંધીનગર,તા.૧૯

રાજયમાં કોરોના ઈફેકટને લઈ સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની પેટાચૂંટણીઓ મોકૂફ રાખવામાં આવી છે તો, કોરોના વાઈરસના સંક્રમણની દહેશત વચ્ચે સાવચેતીના ભાગરૂપે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તા.૨૨મી માર્ચે યોજાનારી પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. સાથે સાથે ગુજરાત યુનિવર્સિટીની બીજા તબક્કાની પરીક્ષાઓ પણ હાલ પૂરતી મુલત્વી રાખવામાં આવી છે. આમ, કોરોના સંક્રમણની દહેશતને લઈ હવે વ્યાપક અસરો જોવા મળી રહી છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આગામી રવિવાર એટલે કે તા.૨૨ માર્ચના રોજ યોજાનારી એડિશનલ આસિસ્ટન્ટ એન્જિનિયર-સિવિલ તથા એડિશનલ આસિસ્ટન્ટ એન્જિનિયર અને ઈલેક્ટ્રિકલ સંવર્ગની પરીક્ષાઓ હાલ મોકૂફ રાખવામાં આવી છે. તેમજ રાજ્ય ચૂંટણી પંચે ગુજરાતની ૧૩ તાલુકા પંચાયતોની ૧૭ બેઠકો અને ૧૩ નગરપાલિકાઓની ૨૯ બેઠકોની પેટાચૂંટણી મોકૂફ રાખવામાં આવી હોવાની જાહેરાત કરી છે. આ પેટાચૂંટણી માટે તા.૨૨ માર્ચના રોજ મતદાન અને ૨૪ માર્ચે મતગણતરી યોજાવાના હતા. બીજીબાજુ, ગુજરાત યુનિવર્સિટીની બીજા તબક્કાની પરીક્ષા હાલ પૂરતી મોકૂફ રાખવામાં આવી છે. આ જ પ્રકારે ઉત્તર ગુજરાત હેમચન્દ્રાચાર્ય યુનિવર્સિટીમાં તા.૧૭ માર્ચથી શરૂ થતી સેમ-૪, ૬ની પરીક્ષા મોકૂફ રખાઇ છે. બીજીબાજુ, અમદાવાદ યુનિવર્સિટીમાં આજથી શિક્ષણ બંધ કરવામાં આવ્યું છે અને જીટીયુ ખાતે પણ શૈક્ષણિક કાર્ય બંધ રાખવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, રાજય સરકારે સાવચેતી અને અગમચેતીના ભાગરૂપે શાળા-કોલેજો તા.૩૧મી માર્ચ સુધી બંધ રાખવાનો નિર્ણય કર્યો છે અને હાલ તો, ધોરણ-૭થી ૯ અને ધો-૧૧ના વિદ્યાર્થીઓને ઘેર બેઠા ટીવી મારફતે શિક્ષણ પૂરું પાડવાનો પ્રયાસ સરકારે શરૂ કર્યો છે.

## ગુજરાતમાં મહત્વના નિર્ણય

- અંબાજી, ડાકોર, સોમનાથ, દ્વારકા અને પાવાગઢના મંદિરો ૨૦મી માર્ચથી સંપૂર્ણપણે બંધ
- મંદિરોમાં નિયમિત થતી સેવા-પૂજા ચાલુ રહેશે પરંતુ મંદિર દર્શન સંપૂર્ણ બંધ
- રાજ્ય સરકારના વિવિધ સંવર્ગોમાં ભરતી માટે પરીક્ષા ૧૪મી એપ્રિલ સુધી મોકૂફ કરાઈ
- ગુજકેટની ૩૦મી માર્ચે લેવાનાર પરીક્ષા ૧૪મી એપ્રિલ સુધી મોકૂફ
- મહારાષ્ટ્ર તરફ જતી રાજ્ય માર્ગ પરિવહનની બસ સેવાઓ બંધ
- અન્ય રાજ્યોમાંથી આવતી ખાનગી પેસેન્જર ટ્રાન્સપોર્ટ બસ સેવાઓના પેસેન્જરોની રાજ્યના ચેકપોસ્ટ પર તપાસ
- યાત્રાધામોમાં સાવચેતીરુપે વિવિધ નિર્ણય લેવાયા છે
- કોરોના વાયરસના ફેલાવાને રોકવા માટે અન્ય રાજ્યોમાં પણ પગલા લેવાયા
- ગુજરાતમાં આગોતરા આયોજનના લીધે વિવિધ પગલા લેવાયા છે
- ગુજરાતમાં કોરોનાનો પગપેસારો ન થાય તે માટે કાળજી રાખવામાં આવી રહી છે
- ગુજરાતની ૧૬ ચેકપોસ્ટ પર સ્ક્રિનિંગ કરાશે
- અમદાવાદમાં પણ અનેક સ્મારકોને બંધ કરવામાં આવ્યા છે
- અમદાવાદમાં ઐતિહાસિક સ્થળોમાં ગાંધીઆશ્રમ, સરદાર પટેલ સ્મારક, રાણકી વાવને બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે

# કોંગ્રેસના ઉમેદવારો રિસોર્ટ છોડીને ગૃહ સંકુલમાં દેખાયા

## શક્તિસિંહ ગોહિલના ચૂંટણી એજન્ટ શૈલેષ પરમાર રહેશે : કોંગ્રેસે ૨૬મી સુધી ગૃહમાંથી વોકઆઉટ

ગાંધીનગર,તા.૧૯

રાજ્યસભા ચૂંટણી આડે હવે માંડ એક સપ્તાહનો સમય બાકી રહ્યો છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ પ્રતિષ્ઠાભર્યા આ જંગમાં જીત મેળવવા મરણિયા પ્રયાસો કરવા તત્પર બન્યા છે. ખાસ કરીને ભાજપ અને કોંગ્રેસ ખૂટી રહેલા એક-એક મત ખેંચવાની વેતરણમાં જોરદાર રાજકીય કૂટનીતિ ચાલી રહ્યા છે. તા.૧૫ માર્ચે પાંચ ધારાસભ્યોના રાજીનામા અને ગુમ થવાના હાઈ વોલ્ટેજ ડ્રામા બાદ કોંગ્રેસ ધારાસભ્યોને જયપુરના શિવ વિલાસ રિસોર્ટમાં લઈ ગઈ છે. ફાઈવસ્ટાર રિસોર્ટમાં આરામ કરતા ધારાસભ્યોના મતના આધારે કોંગ્રેસના ઉમેદવાર શક્તિસિંહ ગોહિલ અને ભરતસિંહ સોલંકીની હાર-જીતનો ફેંસલો થવાનો છે, ત્યારે આજે કોંગ્રેસના બંને ઉમેદવારો ભરતસિંહ અને શક્તિસિંહ વિધાનસભા આવી પહોંચ્યા હતા. જ્યાં તેમની મુલાકાત વિધાનસભાના નાયબ સચિવ એ.બી. કરોવા સાથે થઈ હતી. કોંગ્રેસના બંને ઉમેદવારોની વિધાનસભા સંકુલમાં હાજરીને લઇ ભારે ચર્ચા ચાલી હતી. જો કે, બંનેએ વિધાનસભા ગૃહમાં હાજરી આપી ન હતી. જ્યારે વિધાનસભામાં કોંગ્રેસના દંડક શૈલેષ પરમાર, અમિત ચાવડા અને સી.જે.ચાવડા પણ આવ્યા હતાં. પરંતુ કોંગ્રેસે તા.૨૬ માર્ચ સુધી ગૃહમાંથી વોક આઉટ કર્યુ હોવાથી ગૃહમાં હાજર રહ્યાં નહોતા. આ દરમિયાન કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે અમારી પાસે જીતવા માટેનું ગણિત અને રણનીતિ છે અને સંપર્ક પણ છે. બીટીપી(ભારતીય ટ્રાઈબલ પાર્ટી) ૨૦૧૭ની ચૂંટણીથી અમારો સાથી પક્ષ રહ્યો છે અને સમાન વિચારધારા વાળો પક્ષ હોવાથી તે સાથે જ રહેશે. તેની સાથે સાથે કોંગ્રેસે પોતાના ચૂંટણી એજન્ટની પણ નિમણૂંક કરી છે. શક્તિસિંહ ગોહિલના ચૂંટણી એજન્ટની જવાબદારી શૈલેષ પરમારને સોંપી છે જ્યારે ભરતસિંહ સોલંકીના ચૂંટણી એજન્ટની જવાબદારી અમિત ચાવડાને સોંપવામાં આવી છે. આ અંગે ચૂંટણી અધિકારીને જાણ પણ કરી હતી.

### જનતા કર્ફ્યુ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જવા, મોહલ્લામાં એકત્રિત ન થવાની અપીલ કરી હતી. પોતાના ઘરમાં જ રહેવાની મોદીએ અપીલ કરી છે. તેમણે કહ્યું હતું કે, જે જરૂરી કામગીરી સાથે જોડાયેલા છે તેમને બહાર નિકળવાની ફરજ પડશે પરંતુ એક નાગરિક તરીકે તમામ લોકોને સાવચેતી રાખવાની જરૂર છે. એક નાગરિક તરીકે અમે બીજાને જોવા માટે પણ બહાર ન નિકળ્યે તે જરૂરી છે. તેમણે ઉમેર્યું હતું કે, આત્મસંયમ દેશહિતમાં કર્તવ્ય પાલનના સંકલ્પના મજબૂત પ્રતિક તરીકે રહેશે. આનાથી આમા મળનાર સફળતાથી આવનાર પડકારો માટે તૈયાર થવામાં મદદ મળશે. જનતા કર્ફ્યુને અમલી કરવા રાજ્ય સરકાર આગળ આવે તે જરૂરી છે. મોદીએ કોરોના વાયરસની દહેશતમાં જીવન જરૂરી ચીજવસ્તુઓની આડેધડ ખરીદી ન કરવા માટે પણ અપીલ કરી હતી અને કહ્યું હતું કે, જીવન જરૂરી ચીજવસ્તુઓનો પુરતો જથ્થો દેશમાં રહેલો છે. જરૂરી ચીજવસ્તુઓનો સંગ્રહ કરવાની કોઇ જરૂર દેખાઈ રહી નથી. નિયમિતરીતે જ ચીજવસ્તુઓ ખરીદવાની જરૂર છે. મોદીએ કહ્યું હતું કે, સામાન્યરીતે જ્યારે પણ કોઇ કુદરતી સંકટ આવે છે ત્યારે તે રાજ્ય અને દેશ સુધી મર્યાદિત રહે છે પરંતુ આ વખતે જે સંકટ છે તેનાથી સમગ્ર વિશ્વમાં માનવજાતિ સંકટમાં છે. જ્યારે પ્રથમ વિશ્વ યુદ્ધ થયું હતું ત્યારે અને જ્યારે બીજા વિશ્વ યુદ્ધની સ્થિતિ હતી ત્યારે પણ આટલા લોકો અને આટલા દેશો યુદ્ધથી પ્રભાવિત થયા ન હતા. છેલ્લા બે મહિનાથી અમે સતત કોરોના વાયરસ સાથે જોડાયેલી ચિંતાજનક રિપોર્ટ વાંચી રહ્યા છે. આ બે મહિનાના ગાળામાં ભારતના ૧૩૦ કરોડ નાગરિકોએ કોરોના વાયરસના ખતરાનો સામનો કર્યો છે. બચવાના તમામ પ્રયાસો કર્યા છે પરંતુ છેલ્લા કેટલાક દિવસથી લાગી રહ્યું છે કે, અમે સંકટથી બચી જઈશું તે માનવા માટે કોઇ કારણ નથી. ચોક્કસપણે દરેક ભારતવાસીને સાવચેત રહીને આગળ વધવાની જરૂર છે. દેશવાસીઓએ જ્યારે પણ તેઓએ કોઇ અપીલ કરી છે તેની અસર થઈ છે. લોકોએ તેમની વાત માની છે. આવનાર કેટલાક સપ્તાહ સુધી વધુ સાવચેત રહેવાની જરૂર છે. વિશ્વના દેશોમાં જ્યારે કોરોના વાયરસ ફેલાયો છે ત્યારે આ દેશોમાં અસરગ્રસ્તોની સંખ્યામાં એકાએક જોરદાર વધારો થયો છે. ભારત સરકાર આ વૈશ્વિક બિમારીના ફેલાવવાના ટ્રેક રેકોર્ડ ઉપર નજર રાખી રહી છે.

ભારત પર તેની કોઇ અસર થશે નહીં તેમ માનવાનું કોઇ કારણ નથી. કોરોનાનો સામનો કરવા માટે સંકલ્પ અને સંયમ જરૂરી બાબત છે. અમને સંકલ્પ લેવાની જરૂર છે કે, અમે અસરગ્રસ્ત થવાથી બચીશું અને અન્યોને પણ બચાવીશું. બીજી બાબત અનિવાર્ય સંયમની છે. ભીડથી દૂર રહેવાની બાબત, સોશિયલ અંતર રાખવાની બાબત મહત્વપૂર્ણ છે. સંકલ્પ અને સંયમ વૈશ્વિક બિમારીના પ્રભાવને મોટી ભૂમિકા અદા કરી શકે છે. બજારમાં અમે એમ જ ફરતા રહીશું. કંઈપણ થશે નહીં તેમ માનવા માટે કારણ નથી. ખુબ જરૂરી કામ હોય ત્યારે જ ઘરમાંથી બહાર નિકળવાની જરૂર છે. શક્ય હોય ત્યાં સુધી પોતાનું કામ ઘરથી જ કરવાની જરૂર છે. જે લોકો સરકારી સેવામાં છે, હોસ્પિટલમાં છે, જનપ્રતિનિધિ છે, મિડિયા સાથે જોડાયેલા છે તેમની સક્રિયતા જરૂરી છે. બાકીના લોકોને પોતાનાથી આઈસોલેટ કરવાની જરૂર છે.

### વિધાનસભામાં...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવ્યા માણસાના ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં નાયબ મુખ્યમંત્રીએ રજુ કરેલા જવાબમાં જણાંવ્યા મુજબ વર્ષ ૨૦૧૮ દરમિયાન ગાંધીનગર જિલ્લામાં ૧૪૩ અને વર્ષ ૨૦૧૯માં ૫૨ કીસ્સામાં દરોડા પાડવામાં આવ્યા હતા. જયારે આ દરોડા દરમિયાન કઇ ગેરકાનુની પ્રવૃતિ જોવા મળી તેવા પ્રશ્નના જવાબમાં તેમણે જણાંવ્યુ હતુ કે ગાંધીનગરમાં પાન મસાલા અને ગુટકા બીડી સિગારેટ અને ગુટખાની ગેરકાનુની વેચાણ કરતા જોવા મળ્યા હતા. સરકારના નિયમ મુજબ ચેતવણી માટેનુ બાર્ડ ડિસ્પ્લે કર્યુ ન હતુ. જયારે આ મામલે નિયમ મુજબ દંડ વસુલીની કાર્યવાહી કરવામાં આવી છે.

### પતન નિશ્ચિત...● અનુસંધાન પહેલાનું ચાલુ

સુપ્રીમ કોર્ટે આ મુજબનો આદેશ આપ્યા બાદ કેટલીક અટકળો પણ શરૂ થઈ ગઈ છે. સુપ્રીમ કોર્ટે બે દિવસ સુધી સુનાવણી કર્યા બાદ આજે કહ્યું હતું કે, રાજ્યમાં અનિશ્ચિતતાની સ્થિતિને ફલોર ટેસ્ટ યોજીને દૂર કરવામાં આવી શકે છે. કોંગ્રેસના ૧૬ અસંતુષ્ટ સભ્યો જો ગૃહમાં આવવા ઈચ્છુક છે તો આવી શકે છે. વિધાનસભામાં ફલોર ટેસ્ટ માટે હાથ ઉઠાવીને વોટિંગ કરવામાં આવશે. ચુકાદા બાદ શિવરાજસિંહ ચૌહાણે કહ્યું હતું કે, આતંક, લોભ લાલચ અને પ્રભોલનના પ્રયાસમાં કમલનાથ નિષ્ફળ રહ્યા છે. આમા દિગ્વિજયસિંહ પણ લાગેલા હતા જેથી સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ નિર્ણય લેવાની ફરજ પડી છે. આવતીકાલે ફલોર ટેસ્ટ થશે. અમને વિશ્વાસ છે કે, લઘુમતિ સરકાર પતિ જશે. આ પ્રજાની સાથે વિશ્વાસઘાત અને ચેડા કરનાર સરકાર હતી. શરાબ માફિયાઓ દ્વારા સંચાલિત સરકાર હતી. મધ્યપ્રદેશને દલાલોના અડ્ડા બનાવી દેવામાં આવ્યા હતા.

### રંગ ઉમંગ ● ચોથા પાનાનું ચાલુ

મોબાઈલને કારણે પરીક્ષામાં ચોરી પણ વધતી જાય છે. તો વળી જયાં કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરવાનો ન હોય ત્યાં પણ મોબાઈલનો ઉપયોગ કરીને ગણતરી કરતાં વિદ્યાર્થીઓ પોતાનું ગણિત બગાડતાં જાય છે. વર્ગખંડમાં મોબાઈલ આવવાથી વિદ્યાર્થીઓમાંથી મોરાલિટી જવા માંડી છે. મોબાઈલ મલ્ટીમીડિયા જ નહીં મલ્ટીન્યૂશન્સ પણ છે. મોબીલીટી સોશ્યિલીટી વધારે છે પણ સાથે મોરાલીટી ઘટાડે છે. મોબાઈલની સ્પીડ વિદ્યાર્થીને સ્ટુપીડ બનાવી રહી છે ત્યારે વાલીઓએ ચેતી જવાની જરૂર છે. વિદ્યાર્થીઓ પર એટલી જવાબદારી ઠોકી દેવી જરૂરી નથી કે તેની સાથે વાલીએ મોબાઈલ ફોન પર અવારનવાર વા કરવી પડે.

હા... આકસ્મિક ઘટના વખતે મોબાઈલ ઉપયોગી થાય છે, પણ આવી ઘટના કેટલીવાર બને છે ? જયારે બને ત્યારે તે ઘટનામાંથી ઉગરવાના અન્ય વિકલ્પો પણ કયાં નથી? કેટલીક શાળા કૉલેજોમાં મોબાઈલના ઉપોયગ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે, પરંતુ પરિણામ મળ્યું નથી. આ માટે તો નિયમ કરતાં નિષ્ઠા વધારે ઉપયોગી થશે. શિક્ષકોના પ્રયત્નોમાં વાલીઓ પણ સહભાગી બનીને સહકાર આપવો જોઈએ. શાળા કૉલેજોમાં મોબાઈલ લઈ જતો વિદ્યાર્થી જેટલો દંડનીય છે તેટલો જ તેનો વાલી પણ દંડનીય છે. નવા વર્ષે ઈચ્છીએ અને વાલી દંડનીય મટીને શોભનીય બને.

# ભિલોડામાં કોરોના વાયરસની દહેશત, બજારો અને એસ.ટી. ડેપો સુમસામ

## કોરોના ઈફેક્ટ : વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર એલર્ટ

ભિલોડા, તા.૧૯

કોરોના વાયરસે સમગ્ર વિશ્વમાં ભારે દહેશત ફેલાવી છે. જીવલેણ, ભયાનક વાયરસના કારણે આજ દિન સુધીમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. કોરોના વાયરસનો ભય દિન-પ્રતિ-દિન વધતા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સાવચેતીના પગલા ભર રહી છે. વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સતત એલર્ટ બન્યું છે. કોરોના વાયરસના ભયને હટાવવા જન જાગૃતિ કેળવાઈ રહી છે.

ભિલોડા તાલુકા મથક ખાતે કોરોના વાયરસની દહેશત વચ્ચે બજારો સુમસામ ભાસી રહ્યા છે. જાણે કે બજારોમાં કરફ્યું જેવો માહોલ જોવા મળી રહ્યો છે. એક તરફ ભયાનક મંદીના માહોલમાં કોરોના વાયરસની દહેશત વચ્ચે બજારોમાં ગ્રાહકોની અવરજવર એકાએક ઘટતા વેપારીઓની આર્થિક કમર દિન-પ્રતિ-દિન તુટતી જાય છે. જાહેર કાર્યક્રમો, ધાર્મિક કાર્યક્રમો સદંતર બંધ રખાયા છે.

ભિલોડા ગ્રામ પંચાયત કચેરી કોરોના વાયરસ અન્વયે એલર્ટ. ભિલોડા તાલુકા મથક ખાતે સફાઈ અભિયાન આરંભાયુ છે. દવા છંટકાવની કાર્યવાહી હાથ ધરવાની સાથે-સાથે જાહેર સ્થળો પર થુંકતા, ગંદકી ફેલાવતા લોકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.કોરોના વાયરસ અટકાવવા સંદર્ભે સઘન ઝુંબેશ હાથ ધરી છે. નાના-મોટા દુકાનદારોએ ઠંડા-કોરોના વાયરસનું નિયંત્રણ ન આવે ત્યાં સુધી ઠંડા-પીણાનું વેચાણ સદંતર બંધ રાખવા અનુરોધ કર્યો છે. જાહેર જનતાને પણ અનુરોધ સ્ટેશનમાં સતત મુસાફરો અને વિદ્યાર્થીઓની અવરજવરથી હંમેશાં ભરચક રહેતું હતું પરંતુ કોરોના વાયરસના ભયના કારણે



પીણા, આઈસ્ક્રીમ, પેપ્સી, રસના કોલાઓ, અખાદ્ય ચીજવસ્તુઓનું વેચાણ સદંતર બંધ રાખવા અનુરોધ કર્યો હતો. સુચનાનું પાલન ન કરનારને ગ્રામ પંચાયત ધ્વારા પોલીસ ફરીયાદ કરવામાં આવશે. ગ્રામ પંચાયત ધ્વારા રૂા. ૨૧૦૦/- દંડ વસુલવામાં આવશે તેમજ ગ્રામસભામાં બીજો જે કંઈ પણ દંડ નક્કી કરવામાં આવે તે ગ્રામસભામાં વસુલવામાં આવશે. સુચનાનું પાલન દરેકએ પોતાની જવાબદારી સમજીને કરવાનું રહેશે. જ્યાં સુધી કર્યો છે કે કોઈ પણ પ્રકારની ઠંડી ચીજવસ્તુઓની ખરીદી કરવી નહી, જાહેર સ્થળ ઉપર થુંકનાર લોકો પાસેથી રૂા.૫૦૦/- દંડ વસુલવામાં આવશે તેમ ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ અબિકાબેન ગોરધનભાઈ ગામેતી, તલાટી ક્રમ મંત્રી ગોપાલભાઈ ભટ્ટએ જણાવ્યું હતું. કોરોના વાયરસથી ગભરાવાની જરૂર નથી પરંતુ સાવચેતી પગલા ભરવા આવશ્યક છે.

ભિલોડા એસ.ટી.બસ એસ.ટી.બસ સ્ટેશનમાં નહીવત મુસાફરો જોવા મળી રહ્યા છે. ભિલોડા એસ.ટી.ડેપો ધ્વારા સંચાલિત ભિલોડા-બોરીવલ્લી (મુંબઈ)નો રૂટ ટુંકાવાયો છે ત્યારે મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો છે. ભિલોડા એસ.ટી.બસ ડેપોની આવકમાં ધરખમ ઘટાડો નોંધાયો છે. વિશ્વભરમાં કોરોના વાયરસનો આતંક ભરડો લઈ રહ્યો છે ત્યારે સર્વત્ર ભારે દોડધામ મચી ગઈ છે.